BACKGROUNDER

# *ONTARIO BUDGET 2019 ની વિશિષ્ટતાઓ*

એપ્રિલ ૧૧, ૨૦૧૯

## જવાબદારીપૂર્વકનું સંતુલિત અંદાજપત્ર

Ontario's Government for the People અંદાજપત્રને જવાબદારીપૂર્વક સંતુલિત કરવા કટિબધ્ધ છે - જેનાથી પ્રાંતની નાણાવ્યવસ્થામાં વિશ્વાસ, પારદર્શિતા અને જવાબદારી પુનર્સ્થાપિત થશે. અંદાજપત્રને સંતુલિત કરવાથી અત્યંત મહત્વની - આરોગ્ય સેવા, શિક્ષણ અને બીજી કટોકટીયુક્ત જાહેર સેવાઓ - સુરક્ષિત રાખવામાં મદદ થશે અને એ સુનિશ્ચિત થશે કે આવનારી પેઢીઓ માટે જનતા પાસે તેમને જોઈતું ભડોળ હોય. આને માટે સરકાર:

- 2018-19 માં 11.7 બિલિયન ડૉલરની ખાધની આગાહી કરે છે, જે ગત સરકાર તરફથી વારસામાં મળેલી 15 બિલિયન ડૉલરથી 3.3 બિલિયન ડૉલરનો સુધારો સૂચવે છે.
- નવી નોકરીઓની તક ઊભી કરીને તથા અત્યંત મહત્વની - કટોકટીની જાહેર સેવાઓ, જેમાં ઑન્ટેરિઑની વિશ્વ-કક્ષાની આરોગ્ય સેવાઓ અને શિક્ષણ વ્યવસ્થા પણ સમાવિષ્ઠ છે - તે સુરક્ષિત કરીને ૨૦૨૩-૨૪ માં સંતુલિત અંદાજપત્ર તરફ પાછા વળવાનો જવાબદારીપૂર્વકનો ચીલો ચાતરી રહી છે.
- દેવાનો ભાર જવાબદારીપૂર્વક ઓછો કરવાની વ્યૂહરચના અપનાવી 343,000,000,000 ડૉલરનું જાહેર દેવું હાથ ધરી રહી છે જે રાજવિત્તીય સ્વાસ્થ્ય પુનર્સ્થાપિત કરશે, કટોકટીની સેવાઓ જાળવી રાખશે તથા ગત સરકાર તરફથી વારસામાં મળેલો ઑન્ટેરિઑનો ચોકખો દેવા-ને-જીડીપી (ગ્રૉસ ડૉમૅસ્ટિક પ્રૉડક્ટ) રેશિયો 2022-23 સુધીમાં 40.8 ટકા કરતાં નીચો લાવશે.
- સૂચિત Fiscal Sustainability, Transparency and Accountability Act (FSTAA) રજૂ કરી ઑન્ટેરિઑ ની પ્રજાને જણાવી રહી છે કે સરકાર ઉત્તરદાયિત્વ નિભાવી રહી છે. સૂચિત FSTAA, બીજાં નવા ઉત્તરદાયિત્વનાં પગલાઓમાં મુખ્યમંત્રી અને પ્રધાનની Accountability Guarantee આપે છે જે હરેક ચૂકી જવાયલી જાહેર આહેવાલ રજૂ કરવાની મુદ્દત માટે તેમને તેમના મુખ્યમંત્રી અને મંત્રાલયના પગારના 10 ટકા દંડ ચૂકવવાની જરૂર પડશે. પ્રધાને લોકોને જાહેર રીતે એ પણ જણાવવું પડશે કે મુદ્દત કેમ ચૂકી જવાઈ હતી અને અહેવાલ ફરી ક્યારે પ્રકાશિત થશે.

Ontario

# BACKGROUNDER

## સૌથી વધુ મહત્વની બાબતો સુરક્ષિત કરી રહી છે

ઑન્ટેરિઑની સરકાર જાણે છે કે જો વિશ્વ-કક્ષાની આરોગ્ય સેવાઓ અને શિક્ષણને બચાવવા હશે તો સરકારી નિર્ણય કરતી વખતે જનતાને હંમેશાં કેન્દ્રમાં રાખવી પડશે. આને માટે સરકાર:

- Ontario Childcare Access and Relief from Expenses (CARE) પર કર શાખ આપવાની દરખાસ્ત કરે છે. CARE ઉપરની આ કર શાખ ઑન્ટેરિઑ માં રજૂ થતી સૌથી વધુ પરિવર્તનશીલ બાળ સંભાળ પહેલમાંની એક હશે. બાળ સંભાળના નિર્ણય કરવાની પ્રક્રિયામાં માતાપિતાને જ કેન્દ્રમાં રાખવાની આ યોજના છે, નહીં કે સરકારને. આ નવી CARE કર શાખ યોજના એકંદરે 300,000 કુટુંબોને તેમના બાળ સંભાળનો ૭૫ ટકા ખર્ચ પૂરો પાડશે, અને કુટુંબોને કેન્દ્રો, ઘરો અને કેમ્પ ને આવરી લેતા,વધુ બાળ સંભાળના વિકલ્પો મેળવી આપશે.
- વધુ પરવડી શકે તેવી બાળ સંભાળ શોધવામાં તેઓને મદદ કરી માતાપિતા અને કુટુંબો માટે જીવન સરળ બનાવી શાળાઓમાં 30,000 સુધી, જેમાં લગભગ 10,000 જગ્યાઓ નવી શાળાઓમાં સમાવતી બાળ સંભાળની નવી જગ્યાઓ ઊભી કરવા બીજાં પાંચ વર્ષમાં 1 બિલિયન ડૉલર સુધી વચનબધ્ધ છે.
- વધારાના 384 મિલિયન ડૉલર નું હોસ્પિટલોમાં અને વધારાના 267 મિલિયન ડૉલર નું ઘર અને સમુદાયની સંભાળ માટે રોકાણ કરી રહી છે. સારવારકક્ષના રસ્તે (હોલ વે માં) અપાતી આરોગ્ય સેવાઓનો અંત લાવવા અને જ્યાં તેની સૌથી વધુ જરૂર છે તે તરફ આરોગ્ય સેવાઓનો ખર્ચ વાળવા આ આવશ્યક છે. તે જ રીતે, કાળજીનાં સંક્રમણોમાં સુધારો કરવા અને સેવાઓ માટે રાહ જોવાનો સમય ઘટાડવા, સુગ્રથિત આરોગ્ય સેવાઓના વિતરણ મોડલ તરફ વળવા સરકાર Ontario Health Teams નું નિર્માણ કરી રહી છે.
- માનસિક આરોગ્ય અને વ્યસનમુક્તિની વ્યવસ્થાથી શરૂ કરી, દસ વર્ષના ગાળામાં માનસિક આરોગ્ય, વ્યસનમુક્તિ અને આવાસ સહાયો પાછળ 3.8 બિલિયન ડૉલરનું રોકાણ કરી રહી છે.
- લાભ ન ધરાવતા નિમ્ન આવકવાળા વરિષ્ઠો માટે એક નવો દંતસારવારનો કાર્યક્રમ દાખલ કરી રહી છે. 19,300 ડૉલર અથવા તેનાથી ઑછી વાર્ષિક આવકવાળા એકલ વરીષ્ઠો, અથવા 32,300 ડૉલર થી ઓછી સંયુક્ત વાર્ષિક આવકવાળા વરિષ્ઠ દંપતિઓ, સમસ્ત પ્રાંતમાં પબ્લિક આરોગ્ય એકમો, સમુદાય આરોગ્ય કેંદ્રો અને Aboriginal Health Access Centres માં મેળવી શકશે.
- જેમની તબીબી અવસ્થા જટિલ હોય તેવા દર્દીઓને વધુ યોગ્ય સેવાઓ આપવા આગામી પાંચ વર્ષમાં ૧૫,૦૦૦ નવાં લાંબાગાળાની પથારીઓ નિર્મિત કરી રહી છે અને બીજી ૧૫,૦૦૦ લાંબાગાળાની પથારીઓને ઉચ્ચકક્ષાની કરવામાં આવશે.
- શાળાકીય વર્ષ 2019-20 માં શાળાના નવીનીકરણમાં 1.4 બિલિયન ડૉલરનું રોકાણ કરી બહેતર અભ્યાસ માટે સહાય કરવા અને બાળકો તથા વિધ્યાર્થીઓને સલામત રાખવા શાળાઓની સ્થિતિ સુધારી રહી છે.

Ontario

- ગણિત અને વિજ્ઞાન, તેમ જ ટ્રેડ્સ અને કોડિંગ જેવી કાર્યકુશળતા, તથા નાણાવિષયક જાણકારી જેવા જીવન કૌશલ્ય પર વિશેષ ભાર આપવા સહિત ઑન્ટેરિઓનો શૈક્ષણિક અભ્યાસક્રમ દૃઢ કરી રહી છે.
- દરેક સાર્વજનિક નાણાથી ચાલતી કોલેજ અને યુનિવર્સિટીમાં શાળાકીય વર્ષ ૨૦૧૯-૨૦ થી શરૂ કરી અને શાળાકીય વર્ષ ૨૦૨૦-૨૧ માટે ટ્યુશન ફી સ્થગિત કરી શિક્ષણ ફીમાં ૧૦ ટકાનો ઘટાડો કરી રહી છે. કોલેજ પ્રોગ્રામમાં પ્રવેશ મેળવતા વિધ્યાર્થીઓ સરાસરી શિક્ષણ ફીમાં લગભગ $૩૪૦ નો ઘટાડો, અને આર્ટસ અને સાયન્સની ડિગ્રી માટે પ્રવેશ મેળવતા અંડરગ્રેજયુએટ વિધ્યાર્થીઓ સરાસરી શિક્ષણ ફીમાં લગભગ $૬૬૦ ઘટાડો જોઈ શકશે.
- આવનારા Housing Supply Action Plan દ્વારા લોકોને જોઈતો ઘરોનો પુરવઠો વધારવામાં મદદ કરી ઘરમાલિકી અને ભાડા વધુ સરળ કરી રહી છે.

## જનતાને પ્રાધાન્ય આપી રહી છે

સરકાર લોકોના જીવન સરળ બનાવવા અને પસંદગી તેમજ સગવડ વધારવા માટે કટિબધ્ધ છે:

- વ્યક્તિગત તેમજ કાગળ પર થતાં વ્યવહારો દૂર કરી કિંમતોમાં ઘટાડો કરી રહી છે, અને વધુ સેવાઓ ઓનલાઇન ઉપલબ્ધ કરવા ડિજિટલ ટેક્નોલૉજીને પ્રાધાન્ય આપતી 'digital first' ની વ્યૂહરચના અપનાવી રહી છે.
- ગ્રેટર ટોરંટો એરિયા (GTA) માં કુલ અંદાજિત $28.5 બિલિયનના ચાર રેપિડ ટ્રાંઝિટ પ્રોજેક્ટને મદદ કરવા $11.2 બિલિયનનું રોકાણ કરવા કટિબધ્ધ થઈને નવા સબવે અને વિસ્તરણો તૈયાર કરવામાં ભાગીદારી કરી ઑન્ટેરિઓના ઈતિહાસમાં સૌથી મોટું મૂડીરોકાણ કરી રહી છે. આમાં નવી સૂચિત Ontario Line, Richmond Hill અને Markham થી Yonge North Subway Extension, Eglinton Crosstown West Extension દ્વારા Etobicoke અને Scarborough Subway Extension ૨૦૨૯-૩૦ સુધીમાં પૂર્ણ કરવા જેવા પ્રોજેક્ટ નો સમાવેશ થાય છે.
- પ્રતિદિન વધુ ફેરા, માર્ગ વિસ્તરણ અને સમગ્ર GO Transit રેલ નેટવર્કમાં પરીવર્તનશીલ ખાણીપીણીની સેવાઓ અંગે વિચાર વગેરે સમાવવા દ્વારા GO Transit સેવામાં પાંચ વર્ષમાં સુધારા કરી રહી છે.
- પસંદગીઓ, જેવી કે કયો વાહનવીમો પોતાની જરૂરિયાત પૂરી કરે છે અને પ્રીમિયમદર પસંદ કરવા પર વધુ નિયંત્રણ આપે છે, તે નક્કી કરવાની મોકળાશ આપી ડ્રાઈવરો માટે વાહનવીમો ખરીદવાનું વધુ સરળ બનાવી રહી છે.

- મુનિસિપાલિટીઓને જાહેર જગ્યાઓ જેવી કે બાગ, અને લાયકાત ધરાવતા ખેલકૂદના પ્રસંગે ખેલાડીઓને પ્રોત્સાહન આપતા લોકોના સમૂહને દારુ પીવાની અનુમતિ આપવા વિષે પોતાના નિયમો ઘડવાની છૂટ આપે તેવો કાયદો રજૂ કરી પુખ્તવયનાં ગ્રાહકો માટે પસંદગી અને સગવડતામાં અને ધંધાઓ માટેની તકોમાં સુધારા કરી રહી છે.
- જ્યારે તેમને બહુજ જરૂર હોય ત્યારે કુટુંબોને કરરાહત આપવાની દરખાસ્ત મૂકી રહી છે. પોતાના પ્રિયજનનું મૃત્યુ કુટુંબ માટે ઘણો કપરો સમય હોય છે. જાન્યુઆરી ૧, ૨૦૨૦ થી અમલી થતો, $૫૦,૦૦૦થી ઓછી કિમતવાળી કરપાત્ર મિલકતો માટે Estate Administration Tax કાઢી નાખવામાં આવશે તથા વધુ મોટી કરપાત્ર મિલકતો માટે $૨૫૦ નો ઘટાડો કરાશે.

## વેપારધંધા માટે ખુલ્લો, નોકરી માટે ખુલ્લો પ્રાંત

તુમારશાહી ઓછી કરી, ધંધાના ખર્ચમાં ઘટાડો કરી અને વધારે લોકોને સ્થાનિક નોકરીઓમાં જોતરી, સરકાર ઑન્ટેરિઑને નોકરીધંધા માટે ખુલ્લો મૂકી રહી છે. આના માટે સરકાર:

- Ontario Job Creation Investment Incentive હેઠળ મૂડીરોકાણની ઝડપી માંડવાળ દ્વારા પ્રાંતિય કોર્પોરેટ આવક કરમાં આવતા છ વર્ષમાં $3.૮ બિલિયનની રાહત આપી રહી છે.
- ૨૦૨૦ સુધીમાં સરકારી રોકટોક 25 ટકા ઓછી કરી રહી છે. આ બદલાવ એકવાર સંપૂર્ણપણે અમલી બન્યા પછી, પોતાના અનુપાલન ખર્ચ પર ઑન્ટેરિઑના વેપારધંધાઓને $400 મિલિયનથી વધુ બચત થવાની અપેક્ષા છે.
- ઑન્ટેરિઑના ઓટોમોટિવ ક્ષેત્રમાં સ્પર્ધાત્મકતા, નવપ્રયોગ અને પ્રતિભાશક્તિ મજબૂત કરવાની એક, Driving Prosperity યોજના અમલમાં લાવી રહી છે.
- જાન્યુઆરી ૧, ૨૦૧૯ થી અમલી થતો, Workplace Safety and Insurance Board (WSIB) ના સરેરાશ પ્રીમિયમ દરોમાં વિમાપાત્ર પગારના દરેક $100 પર $2.35 થી $1.65 ના ઘટાડાને ટેકો આપી રહી છે, જે નોકરીદાતાઓને 2019માં $1.45 બિલિયનની બચત કરવી આપશે.
- કૌશલ્યયુક્ત નોકરીઓમાં દાખલ થવા, પૂન:તાલીમ લેવા અને વિશેષ કામોનાં ફાયદાથી વાકેફ કરવા ઑન્ટેરિઑના લોકોને પ્રોત્સાહન આપે તેવા કાર્યક્રમો સ્થાપી રહી છે.
- અતિકુશળ ઈમિગ્રન્ટ ને નાના જનસમુહમાં લાવવા એક પ્રાયોગિક પહેલ શરૂ કરી રહી છે.

- નવા કામદારો, નવી કારકિર્દી શરૂ કરતાં લોકો, બેરોજગારો અને અર્ધરોજગારો ને પ્રવેશલાયક ગણે તેવા એક નવા Northern Ontario Internship Program ની રચના કરી રહી છે જે ઇન્ટર્નશીપ માટેના અરજદારો માટે યુનિવર્સિટી કે કોલેજના તાજા સ્નાતક હોવાની જરૂરિયાત નાબૂદ કરશે.
- જે ઓટોમોટિવ, ઉત્પાદન, પરિવહન, ખાણઉધ્યોગ અને વન-સંબંધિત પ્રવૃત્તિઓ, અને હજારો નોકરીઓ જોખમમાં મુકે છે, તે ફેડરલ સરકારના નોકરીઓ ઘટાડતા કાર્બન ટેક્સની સામે લડત આપી રહી છે.